**ટેકનીકલ / નોન ટેકનીકલ જગ્યાઓ પર અધિકારી/ કર્મચારીઓની નિવૃત્તિ બાદની નિમણૂક બાબત.**

**ગુજરાત સરકાર**
**સામાન્ય વહીવટ વિભાગ**
**ઠરાવ ક્રમાંક: આરઈએમ/૧૦૨૦૧૯/૧૮૬૧૩૬/ગ-૨**
**સચિવાલય,ગાંધીનગર**
**તા.૧૧/૧૧/૨૦૨૧**

**વંચાણે લીધા:-**

(૧) સા.વ.વિ.નો તા.૦૭/૦૭/૨૦૧૬નો ઠરાવ ક્ર.:-આરઈએમ/૧૦૨૦૦૨/યુઓઆર/૮૨/ગ-૨
(૨) સા.વ.વિ.નો તા.૧૭/૫/૨૦૧૮નો ઠરાવ ક્ર.:-આરઈએમ/૧૦૨૦૧૮/૨૫૩૨૭૭/ગ-૨
(૩) સા.વ.વિ.નો તા.૨૧/૫/૨૦૧૮નો ઠરાવ ક્ર.:-આરઈએમ/૧૦૨૦૧૮/૨૫૩૨૭૭/ગ-૨
(૪) સા.વ.વિ.નો તા.૨૯/૦૪/૨૦૧૯નો ઠરાવ ક્ર.:-આરઈએમ/૧૦૨૦૧૯/૧૮૬૧૩૬/ગ-૨
(૫) સા.વ.વિ.નો તા.૦૪/૦૯/૨૦૧૯નો પરિપત્ર ક્ર.:-આરઈએમ/૧૦૨૦૧૯/૪૨૧૧૯૬/ગ-૨
(૬) સા.વ.વિ.નો તા.૦૪/૧૧/૨૦૧૯નો ઠરાવ ક્ર.:-આરઈએમ/૧૦૨૦૧૮/૨૫૩૨૭૭/ગ-૨

**આમુખ :-**

સા.વ.વિ.ના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક - (૧) થી (૬) પરના ઠરાવથી ટેકનીકલ/ નોન-ટેકનીકલ જગ્યાઓ પર સરકારી કર્મચારીઓ/અધિકારીઓને વયનિવૃત્તિ બાદ કરારના ધોરણે નિમણૂક આપવા બાબતે સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે તેમજ ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ઠરાવથી, કોઈ નિવૃત્ત સરકારી અધિકારી/કર્મચારીને સચિવાલયના કોઇપણ વિભાગમાં અથવા ખાતાના વડાની કચેરીમાં અથવા કોઇપણ તાબાની કચેરીમાં અથવા રાજ્ય સરકારના કોઈ પણ બોર્ડ/ કોર્પોરેશન/કંપનીમાં અથવા સરકારના કોઇપણ વિભાગ હેઠળ ઊભી કરવામાં આવેલ સોસાયટી કે તે પ્રકારની અન્ય કોઇ સંસ્થામાં અથવા કોઇપણ ગ્રાન્ટ-ઇન-એઈડ સંસ્થામાં અથવા જે સરકારી સંસ્થાને ગુજરાત સરકારની સંપૂર્ણ અથવા અંશતઃ આર્થિક સહાય મળતી હોય તેવી સંસ્થામાં નિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂક (કન્સલટન્ટ તરીકે / સલાહકાર તરીકે કે ચોક્કસ ખાલી જગ્યા ઉપર કે અન્ય કોઈ પણ રીતે) આપવાની હોય ત્યારે વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ના અધિકારી/કર્મચારીઓને નિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂક આપવા અંગેની દરખાસ્ત સંબંધિત વિભાગે અધિક મુખ્ય સચિવશ્રી (ક.ગ.), અધિક મુખ્ય સચિવશ્રી (નાણા), મુખ્ય સચિવશ્રી, સંબંધિત માનનીય મંત્રીશ્રી મારફત માનનીય મુખ્યમંત્રીશ્રીની પૂર્વ મંજૂરી માટે રજૂ કરવાની રહેશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે.

સરકારશ્રીના ધ્યાને આવેલ છે કે નિવૃત્ત થયેલ અધિકારી/કર્મચારીઓને વંચાણે લીધેલ ક્રમ-(૧) પરના ઠરાવથી નિયત થયેલ રજૂઆતના રાહ મુજબ સરકારશ્રીની પૂર્વ મંજૂરી મેળવ્યા વિના રાજ્ય સરકારના વિભાગો, ખાતાના વડા, રાજ્ય સરકારના બોર્ડ/કોર્પોરેશન, ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થાઓ અને રાજ્ય સરકારની પૂર્ણ કે અંશતઃ સહાય લેતી સંસ્થાઓમાં આઉટસોર્સિંગથી

નિવૃત્ત અધિકારી/કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે છે કે કામગીરી લેવામાં આવે છે, જે અંગે સૂચનાઓ પ્રસિદ્ધ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

સરકારશ્રીની પુખ્ત વિચારણાના અંતે ઠરાવવામાં આવે છે કે, ઉપર વંચાણે લીધેલ સામાન્ય વહીવટ વિભાગના ઠરાવો/પરિપત્રથી નિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂક સંબંધેની જોગવાઈ અંતર્ગત રાજ્ય સરકારશ્રીની પૂર્વ મંજૂરી ન હોય તેવા કિસ્સાઓમાં રાજ્ય સરકારના વિભાગો, ખાતાના વડા, રાજ્ય સરકારના તમામ બોર્ડ/ કોર્પોરેશનો, તમામ ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થાઓ અને રાજ્ય સરકારની પૂર્ણ કે અંશતઃ સહાય લેતી સંસ્થાઓમાં કોઈ પણ સ્વરૂપે (કરાર આધારિત/આઉટસોર્સિંગ, ઓનેરેરીયમ કે અન્ય સ્વરૂપે નાણાકીય લાભ આપીને) નિવૃત્ત કર્મચારી/અધિકારીની થયેલ નિમણૂકોનો તાત્કાલિક અસરથી અંત લાવવાનો રહેશે અને તેની જાણ સામાન્ય વહીવટ વિભાગને કરવાની રહેશે.

૨. કોઇ પણ નિવૃત્ત અધિકારી/કર્મચારીને કોઇપણ જગ્યાએ અને કોઇ પણ રીતે નિમણૂંક આપવાની થાય તો સામાન્ય વહીવટ વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના તા. ૦૭/૦૭/૨૦૧૬ ના ઠરાવમાં નિયત થયેલ ચેનલ ઓફ સબમિશન મુજબ સરકારશ્રીની પૂર્વમંજૂરી લેવાની રહેશે. વધુમાં, દરેક વિભાગે વિભાગમાં અને તેમના નિયંત્રણ હસ્તકના ખાતાના વડા, રાજ્ય સરકારના તમામ બોર્ડ/ કોર્પોરેશનો, તમામ ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થાઓ અને રાજ્ય સરકારની પૂર્ણ કે અંશતઃ સહાય લેતી સંસ્થામાં, દરેક સંવર્ગમાં અધિકારી/કર્મચારીને આપવામાં આવેલ નિવૃત્તિ બાદની કરાર આધારિત નિમણૂંકની સંકલિત વિગતો દર ત્રણ માસે આ ઠરાવ સાથેના પરિશિષ્ટમાં સંબંધિત વિભાગના નાયબ સચિવશ્રી કે સમકક્ષ અધિકારી દ્વારા પ્રમાણિત કરીને સામાન્ય વહીવટ વિભાગને અચૂક રજૂ કરવાની રહેશે.

૩. આવા કિસ્સાઓમાં ઉક્ત સૂચનાઓનું પાલન ન થાય તેવા કેસોમાં જે તે વિભાગ/ખાતા/ કચેરીના વડા કે બોર્ડ-કોર્પોરેશનના વહીવટ સંભાળતા મુખ્ય અધિકારીની જવાબદારી નક્કી કરવાની રહેશે.

૪. ઉપર્યુક્ત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા સચિવાલયના તમામ વિભાગો અને તેમના નિયંત્રણ હસ્તકના ખાતાના વડા, રાજ્ય સરકારના તમામ બોર્ડ/ કોર્પોરેશનો, તમામ ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થાઓ અને રાજ્ય સરકારની પૂર્ણ કે અંશતઃ સહાય લેતી સંસ્થાઓના વહીવટ સંભાળતા મુખ્ય અધિકારીઓના ધ્યાને મૂકવા આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(તેજસ એચ. સોની)
નાયબ સચિવ (ક.ગ)
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર

પ્રતિ,

માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

સર્વે મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧ અને ૨, સચિવાલય, ગાંધીનગર.
માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, બ્લોક નં.૨/૫મો માળ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, બ્લોક નં.૨, પ્રથમ માળ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગ, ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલાયના સર્વે વિભાગો. (તેમના તાબાના ખાતાના વડાઓ/કચેરીના વડા, બોર્ડ/કોર્પોરેશન અને વિભાગના નિયંત્રણ હેઠળની અન્ય તમામ સંસ્થાઓને યોગ્ય સૂચના આપવાની વિનંતી સહ.)
એકાઉન્ટન્ટ જનરલશ્રી-૧ (ઓડિટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી-૨ (એ.એન્ડ.ઇ.), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
એડિશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/ગાંધીનગર.
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ/સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ.
સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ/સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ/અધિકારીઓ.
સિસ્ટમ મેનેજર, સામાન્ય વહીવટ વિભાગ, વેબસાઈટ ઉપર મૂકવા સારુ.
પસંદગી ફાઇલ
*પત્ર દ્વારા.

## સામાન્ય વહીવટ વિભાગના તા:૧૧/૧૧/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક: આરઈએમ/૧૦૨૦૧૯/૧૮૬૧૩૬/ગ-૨ સાથેનું પરિશિષ્ટ

## વિભાગ હસ્તકના સંવર્ગોના અધિકારી / કર્મચારીઓની નિવૃત્તિ બાદની નિમણૂકોની માહિતી દર્શાવતું પત્રક

....................................................................................વિભાગ (...............................માસ – ૨૦..........ની સ્થિતિએ)

| ક્રમ | અધિકારી/કર્મચારીનું નામ | જન્મ તારીખ | હોદ્દા/વર્ગ-સંવર્ગનું નામ | વિભાગ/ ખાતા/ કચેરીના વડા/ બોર્ડ/ કોર્પોરેશન/ સંસ્થાનું નામ | અધિકારી/કર્મચારીની નિવૃત્તિ બાદની નિમણૂકની મુદત પૂર્ણ થવાની તારીખ | અધિકારી/ કર્મચારીને ૬૨ વર્ષ પૂર્ણ થયા/ થનાર તારીખ | સરકારશ્રીની મેળવેલ મંજૂરીની તારીખ | પૂર્વ મંજૂરી વિનાની નિવૃત્તિ બાદની નિમણૂંક સમાપ્ત કર્યાની તારીખ. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧. | | | | | | | | |
| ૨. | | | | | | | | |
| ૩. | | | | | | | | |

-સહી-

( )

હોદ્દો

.............................................વિભાગ